GCCI
2019-20

# Gujarat Chamber of Commerce & Industry

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad - 380 009. INDIA.
079-2658 2301/2/3/4, 2658 0527 **Fax No.** 079-2658 7992
gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

7114

## Press Note

૫ સપ્ટેમ્બર, ૨૦૧૯

આજ રોજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (GCCI) ખાતે GCCI તેમજ અમદાવાદ CESTAT બાર એસોસીયેશન, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એસોસીયેશન, અમદાવાદ, ટેક્ષ એડવોકેટ ઓફ ગુજરાત તથા ગુજરાત સેલ્સ ટેક્ષ બાર એસોસીયેશન, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે "સબકા વિશ્વાસ-૨૦૧૯" સ્કીમની માહિતી આપતા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી અજય જૈન, પ્રિન્સીપલ ચીફ કમિશ્નર, CGST, ગુજરાત અને તેમના મુખ્ય અધિકારીશ્રીઓ, ગુજરાત ચેમ્બરના હોદ્દેદારો તથા વિવિધ એસોસીયેશનના હોદ્દેદારો હાજર રહ્યા હતા.

સ્વાગત પ્રવચનમાં ગુજરાત ચેમ્બરના સિનિ. ઉપ-પ્રમુખ શ્રી નટુભાઇ પટેલે જણાવ્યું હતું કે સરકારની આ સ્કીમ ખૂબજ ઉપયોગી છે અને તેમણે આ સ્કીમને બિરદાવી હતી તથા સ્કીમ દ્વારા કરદાતાઓને ઘણી રાહત રહેશે તેમ જણાવ્યું હતું. આ ઉપરાંત તેમણે તા. ૧ સપ્ટેમ્બર થી ૩૧ ડિસેમ્બર, ૨૦૧૯ એટલે કે ૯૦ દિવસની આ સ્કીમની ટાઇમ લીમીટ ઓછી પડતાં તેને વધારવાનું સૂચન આપ્યું હતું.

સેમિનારના મુખ્ય મહેમાન શ્રી અજય જૈન, પ્રિન્સીપલ ચીફ કમિશ્નરે આ સ્કીમના લાભો વિષે જણાવ્યું હતું અને કરદાતાઓને આ સ્કીમનો ફાયદો લેવા માટે પડતી કોઇ પણ મુશ્કેલી માટે તેમના વિભાગ દ્વારા સંપૂર્ણપણે મદદ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. મીસ કે. પદ્મમાવથી, એડીશનલ કમિશ્નર, CGST, અમદાવાદએ પાવરપોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સ્કીમની માહિતી આપી હતી તેમજ પોર્ટલ પર અરજી કરવા માટેની પદ્ધતિ અંગે માહિતગાર કર્યા હતા.

સેમિનારમાં ઉપસ્થિત સભ્યો સાથે પ્રશ્નોત્તરીમાં વિભાગ દ્વારા વિવિધ પ્રશ્નોના સંતોષકારક જવાબો આપવામાં આવ્યા હતા. જો કોઇ મેઇન એપ્લેકન્ટે આ સ્કીમનો લાભ ના લીધો હોય તેમ છતાં પણ કો-નોટીસી (કો-એપ્લીકન્ટ) આ સ્કીમનો લાભ લઇ શકે તેવી જોગવાઇ કરવી જોઇએ તેવું સૂચન કરવામાં આવ્યું હતું. તદ્ઉપરાંત તા. ૩૦-૬-૨૦૧૯ પહેલાં જે કરદાતાને શૉ-કોઝ નોટીસ આપેલ હોય અથવા તો અપીલમાં જ ઓર્ડર મળેલ હોય પણ અપીલ પીરીયડમાં અપીલ ફાઇલ ના કરી હોય તો પણ તેમને આ સ્કીમનો લાભ મળી શકે તેવી જોગવાઇ કરવાનું સૂચન કરવામાં આવ્યું હતું. આના પ્રત્યુત્તરમાં ઉપસ્થિત અધિકારીશ્રીઓએ હકારાત્મક વલણ અપનાવતાં ઉપરી અધિકારીઓને આ સૂચનોની યોગ્ય રજૂઆત કરવામાં આવશે તેવી ખાત્રી આપી હતી.

અંતમાં GCCIની ઇન-ડાયરેક્ટ ટેક્ષ કમિટિના સભ્ય શ્રી બીશન શાહે આભારવિધિ સંપન્ન કરી હતી.

**તંત્રીશ્રી/ચીફ રીપોર્ટરશ્રી/કોમર્શીયલ એડીટરશ્રી/બ્યૂરો ચીફ/ન્યૂઝ એડીટરશ્રી,**
**યોગ્ય પ્રસિદ્ધિ સારુ વિનંતી સહ રવાના,**

**તન્મય મહેતા**
*સેક્રેટરી જનરલ*